# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૦ તા. ૧૩-૬-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષયઃ- Digital Gujarat Portal પર કરેલ ઓનલાઇન શિષ્યવૃતિ તથા ગણવેશ સહાયની પ્રપોઝલમાં થયેલ ક્ષતિઓના સુધારા માટે માર્ગદર્શન બાયસેગની વંદે ગુજરાત ચેનલ-૧ પર તા.૧૫/૦૬/૨૦૧૭ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ દરમ્યાન પ્રસારણ થવાનું હોય, મુખ્યશિક્ષકશ્રીઓને જાણ થવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક/વિજાક/શિક્ષણ/૨૦૧૭-૧૮/૧૬૮૪-૧૭૧૬ તા.૦૮-૦૬-૧૭ નાયબ નિયામક, વિકસતી જાતી કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર પ્રાથમિક શાળાના આચાર્યશ્રી દ્વારા S.C./S.T./O.B.C. અને સમાજ સુરક્ષાના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ અને ગણવેશ સહાયની પ્રપોઝલમાં રહેલ ક્ષતિઓ અંગે સીધા મુખ્યશિક્ષકશ્રીઓ / શિક્ષકો સાથે સંવાદ કરી ક્ષતિઓનું બરાબર રીતે નિરાકરણ થાય તે હેતુથી તા.૧૫/૦૬/૨૦૧૭ના રોજ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ કલાક દરમ્યાન બાયસેગ દ્વારા વંદે ગુજરાત ચેનલ-૧ ઉપર સંવાદ રાખવામાં આવેલ છે. જેમાં મુખ્યશિક્ષકશ્રીઓને ખાસ માર્ગદર્શન આપવાનું હોવાથી ઉક્ત દિવસ અને સમય પ્રમાણે પોતાની શાળામાં હાજર રહી માર્ગદર્શન મેળવવાનું રહેશે.

તા.૧૩-૬-૨૦૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ<br>
શાસનાધિકારી